દાખલ તારીખ : ૦૩.૦૬.૨૦૨૬
નોંધ્યા તારીખ : ૦૩.૦૬.૨૦૨૬
નિર્ણય તારીખ : ૦૫.૦૬.૨૦૨૬
મુદત : વર્ષ–૦૦, માસ–૦૦, દિવસ–૦૨

=========================================================

**ગીર સોમનાથ જિલ્લાના મહે. એડી. સેશન્સ જજ (શ્રી જે. જે. પંડયા સાહેબ)ની કોર્ટમાં,મુ. વેરાવળ**

=========================================================

**ફો. પ. અ. નં.૨૪૦/૨૦૨૬**
**આંક–૦૬**

**રાકેશ રાધેશ્યામ માલીવાલ,**
ઉ.વ.આ.૪૩, ધંધો–વેપાર,
રહે.અમદાવાદ, જી૧૦૨, ગીરીવર
રેસીડેન્સી, યોગેશ્વરપાર્કનીસામે,
વસ્ત્રાલ, જી–અમદાવાદ
હાલ રહે. જીલ્લા જેલ, જૂનાગઢ. **...... અરજદાર**

**વિરૂધ્ધ**

**શ્રી સરકાર** **...... સામાવાળા**

---------------------------------------

અરજદાર તરફે વિ. વ.શ્રી ડી.એસ.ગંભીર
શ્રી સરકાર તરફે વિ.પબ્લીક પ્રોસીકયુટર શ્રી કે.ડી.વાળા

---------------------------------------

**:: બી. એન. એસ. એસ. ની કલમ–૪૮૩ મુજબ રેગ્યુલર જામીન અરજી ::**

**:: ચૂકાદો ::**

**(૧)** આ કામના અરજદાર/આરોપી વિરૂધ્ધ વેરાવળ પો.ગુ.ર.નં. ૧૧૧૮૬૦૦૯૨૬૦૨૨૯/૨૬, બી.એન.એસ. ૨૦૨૩ ની કલમ–૬૧(૨)(બી), ૩૧૬(૨), ૩૧૮(૨),૩૧૬(૫) મુજબના ગુના સબબ જયુડીશયલ કસ્ટડીમાં હોય, તેઓએ રેગ્યુલર જામીન ઉપર મુકત થવા માટે હાલની અરજી ભારતીય નાગરીક સુરક્ષા સંહિતાની કલમ–૪૮૩ હેઠળ દાખલ કરેલ છે.

**(૨)** અરજદારની અરજી સંબંધે સરકારશ્રીને નોટીશ કરવામાં આવતા સરકાર તરફે વિ.પબ્લીક પ્રોસીકયુટર શ્રી કે.ડી.વાળા હાજર થયેલ છે અને તેઓએ ત. ક. અમલદારશ્રીનું સોગંદનામું રજૂ કરેલ છે.

**(૩)** અરજદાર તરફે વિ.વ.શ્રી ડી.એસ.ગંભીરની દલીલ છે કે, ફરિયાદમાં હાલના અરજદાર/આરોપીનુ નામ નથી. આરોપી નં.૧ નાએ આરોપી નં.૨ નુ નામ આપેલ અને આરોપી નં.૨ નાએ અરજદારનુ નામ આપતા અમારા નામનો ઉમેરો કરી કલમનો ઉમેરો કરાવેલ છે. બનાવ તા.૨૫.૧૨.૨૦૨૪ ના રોજ

બનેલ અને ગુનો તા.૧૨.૦૩.૨૦૨૬ ના રોજ જાહેર થયેલ છે. આ પહેલા પોલીસમાં ફરિયાદીએ ફરિયાદ આપેલ જે ફાઇલે થઇ ગયેલ જેથી ફરિયાદીએ કોર્ટમાં ફરિયાદ દાખલ કરેલી જેની તપાસ પોલીસને સોંપવામાં આવેલી છે. અરજદારને નોટીસ કરતા અરજદાર હાજર થયેલા. અરજદારે પોતાના તરફે ડોકયુમેન્ટ પોલીસને આપતા હતા તે લીધેલા નહી અને અટક કરી લીધેલા છે. અરજદાર કઠોળ લે વેચનો ધંધો કરે છે. આરોપીનો કોઇ રોલ નથી. અરજદાર/આરોપી નં.૧ અને તેની પત્ની ભરતભાઇ વિરૂધ્ધ અમદાવાદ પોલીસમાં ફરિયાદ આપેલ જેના કારણે અમારુ નામ આ ફરિયાદમાં ખોટી રીતે ઉમેરી દિધેલ છે. અમો નામદાર કોર્ટ ફરમાવશે તે શરતોનુ પાલન કરવા તૈયાર છીએ અને નામદાર કોર્ટમાં નિયમીતપણે હાજર રહેશુ અને અમારી અરજી મંજુર કરવા વિનંતી છે.

**(૪)** ફરિયાદપક્ષે વિ.વ.શ્રી કે.ડી.વાળાની દલીલ છે કે, કોર્ટના આદેશથી ગુનો નોંધાયેલ છે. અરજદાર રાકેશે માલીવાલને માલ મળેલો છે. ફરિયાદીએ આરોપી નં.૨ ને માલ વેચેલો. આરોપી નં.૨ નાએ આરોપી નં.૩ વિજય શાહને માલ વેચેલ છે તેણે આરોપી નં.૪ અને ૫ ને વેચેલ છે અને ફરિયાદી સાથે છેતરપીંડી થયેલ હોય અરજદારની અરજી નામંજુર કરવા વિનંતી છે.

**(૫)** બન્ને પક્ષકારોના વિ. વ. શ્રીની દલીલો, ત.ક.અમલદારશ્રીનુ સોગંદનામું તથા ફરીયાદ હકીકત જોતા ફરિયાદી અને આરોપી બંને કઠોળ લે-વેચનો ધંધો કરે છે અને ફરિયાદીએ અમદાવાદમાં વેપાર કરતા દલાલ ભરત રમેશભાઇનો સંપર્ક કરતા તેણે પાર્થ કાબરાનો પરિચય કરાવેલ અને ભરતભાઇ મારફત પાર્થ કાબરાને ૩૪૭૭૦ કિલો અડદ વેચેલા જે માલ પાર્થ કાબરા આરોપી નં.ર ને ટ્રક મારફત મોકલવામાં આવેલ જે માલ તેને મળી ગયેલ. ૧૨ થી ૨૫ દિવસ સુધીમાં પેમેન્ટ ચુકવવાનુ હતુ પરંતુ પેમેન્ટ નહી આવતા બહાના બતાવેલા. આમ, ફરિયાદીએ આરોપી નં.૧ ભરતભાઇ કે જે દલાલનુ કામ કરે છે તેની મારફત પાર્થ કાબરા રાજસ્થાનવાળાને માલ વેચાણ આપેલ જેનુ પેમેન્ટ તેને નહી મળતા તેઓએ પોલીસમાં ફરિયાદ આપેલ જે ફાઇલે થયેલ અને ત્યારબાદ કોર્ટમાં ફરિયાદ આપતા પોલીસને તપાસ માટે મોકલી આપેલ જે ફરિયાદ રજીસ્ટરે નોંધવામાં આવેલ છે અને પાર્થ કાબરાએ પોતાની શ્રેયા ફલોર ડેપાના નામનુ બીલ બનાવી ઉદયપુરવાળાને મોકલાવેલ હતો. તેમજ તેમજ અન્ય

વેપારીને ત્યાં માલ વેચેલો. આમ, આરોપી નં.૧ મારફત આરોપી નં.૨ ને વેચવામાં આવેલો. માલ શ્રેયા ફલોરને વેચવામાં આવેલ છે જેના માલીક હાલના અરજદાર છે તેવુ ફરિયાદીનુ કથન છે. આ વ્યવહારમાં હાલના અરજદાર કોઈ રીતે સંકળાયેલા નથી. ફરિયાદ માંહેનો જે વ્યવહાર છે તે ખરીદ વેચાણ વ્યવહાર છે અને ફરિયાદીના કથન મુજબ તેણે આરોપી નં.૧ દલાલ મારફત આ માલ પાર્થ કાબરાને વેચેલો. પાર્થ કાબરા પાસેથી હાલના અરજદારે માલ ખરીદેલ હોય તો તેના કારણે અરજદાર/આરોપીએ કોઈગુનાહિત કૃત્ય કરેલ છે. તેવુ માની શકાય નહી તેમજ ફરિયાદી રાકેશ માલીવાલ હાલના અરજદારનાએ પોલીસ ઈન્સપેકરશ્રી શેરકોટડા પોલીસસ્ટેશનનાએ આરોપી નં.૧ ભરતભાઈ સામે કરેલી છે તેમજ ફરિયાદીની પત્ની કુસુમબેને પણ આરોપી નં.૧ વિરૂધ્ધ રૂા.૨૪,૬૦,૨૦૦/– ચુકવેલ અને તેની સાથે ફ્રોડ થયેલાની ફરિયાદ આપેલ છે. આમ, હાલના અરજદાર અને આરોપી નં.૧ વચ્ચે આર્થિક વ્યવહાર અંગે તકરાર છે. હાલની ફરિયાદમાં જે તકરાર છે ફરિયાદી અને આરોપી નં.૧ ને ર વચ્ચેનો છે. અરજદાર/આરોપી વેપારધંધો કરતા હોય અન્ય વેપારી પાસેથી ચા કઠોળ ખરીદેલ હોય તો તેના ધંધાનો રોજબરોજનો વ્યવહાર છે તેનાથી તેણે ગુનાહિત કૃત્ય કરેલાનુ માની શકાય નહી તેમજ અરજદાર અદાલતમાં હાજર રહેવા ખાતરી આપતા હોય અરજી મંજુર કરવા યોગ્ય જણાતુ હોય મુજબનો હુકમ કરવામાં આવે છે.

## **ઃ: આખરી હુકમ ઃ:**

**(૧)** અરજદાર/આરોપીની બી. એન. એસ. એસ. એકટની કલમ–૪૮૩ અન્વયે જામીન ઉપર મુકત થવાની હાલની અરજી **મંજૂર** કરવામાં આવે છે.

**(૨)** અરજદાર/આરોપી–**રાકેશ રાધેશ્યામ માલીવાલ,** ઉ.વ.આ.૪૩, ધંધો–વેપાર, રહે.અમદાવાદ, જી૧૦૨, ગીરીવર, રેસીડેન્સી, યોગેશ્વરપાર્કનીસામે, વસ્ત્રાલ, જી–અમદાવાદનાઓને વેરાવળ પો.ગુ.ર.નં. ૧૧૧૮૬૦૦૯૨૬૦૨૨૯/૨૬, બી.એન.એસ. ૨૦૨૩ ની કલમ–૬૧(૨) (બી), ૩૧૬(૨), ૩૧૮(૨),૩૧૬(૫) મુજબના ગુનાના કામે અરજદાર/ આરોપીએ **રૂા.૧૫,૦૦૦/–(અંકે રૂપિયા પંદર હજાર)** પુરાના સદ્ધર જામીન અને તેટલી

જ રકમના જાત મુચરકા આપ્યેથી, તેઓને નીચેની શરતોને આધીન જામીન ઉપર મુકત કરવાનો હુકમ કરવામાં આવે છે.

**:: શરતો ::**

૧) અરજદાર/આરોપીએ તેમની સામેનો કેસ જે અદાલતમાં ચાલે તે અદાલતમાં દરેક મુદતે નિયમિત હાજર રહેવુ.

૨) અરજદાર/આરોપીએ આ કેસનો નિકાલ ન થાય ત્યાં સુધી કોર્ટની પરવાનગી સિવાય ભારત દેશની હદ છોડવી નહી.

૩) અરજદાર/આરોપીએ તેમને મળેલ સ્વતંત્રતાનો દુરૂપયોગ કરવો નહી કે ફરિયાદપક્ષના પુરાવા સાથે ચેડા કરવા નહીં કે ફરિયાદપક્ષના સાહેદોને લોભ–લાલચ, ધાક–ધમકી કે અન્ય કોઈપણ પ્રકારે પ્રલોભન આપી ફોડવાનો પ્રયત્ન કરવો નહીં.

૪) અરજદાર/આરોપીએ પોતાનું કાયમી રહેઠાણનું તથા ધંધાનુ સરનામું મોબાઈલ નંબર સહિત રજૂ કરવુ અને તેમાં કોર્ટની પરવાનગી સિવાય કોઈ ફેરફાર કરવો નહીં.

૫) અરજદાર/આરોપીએ ત. ક. અધિકારીને તપાસમાં સાથ અને સહકાર આપવાનો રહેશે.

(૩) અરજદાર/આરોપીએ જામીન તથા જાતમુચરકા વિ. ટ્રાયલ કોર્ટ સમક્ષ રજૂ કરવા.

(૪) આ હુકમની જાણ સંબંધિત પો. સ્ટે. અને કોર્ટને અલગ યાદીથી કરવી.

(૫) અરજદાર/આરોપી હાલ જેલમા હોય, તેઓને આ હુકમની જાણ કરતી યાદી, સંબંધિત જેલ ઓથોરીટીને ઈમેઈલ દ્વારા કરવી.

આજરોજ આ હુકમ તા.૦૫, માહે–જૂન, સને–૨૦૨૬ ના રોજ ખુલ્લી અદાલતમાં વાંચી, સંભળાવી જાહેર કર્યો.

તા.૦૫/૦૬/૨૦૨૬
સ્થળ : વેરાવળ.

**(જીગ્નેશ જગદિશચંદ્ર પંડયા)**
એડી. સેશન્સ જજ
ગીર સોમનાથ,વેરાવળ
કોડ નં.જીજે૦૦૭૫૬